# સુરત મહાનગરપાલિકા

## મોજે લિંબાયત-ડીંડોલી વિસ્તારની નગર રચના યોજના, સુરત નં. ૪૦ (લિંબાયત-ડીંડોલી) તૈયાર કરવા બાબત

## અધિસૂચન

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ -૨૨ની પેટા કલમ (૧) અન્વયે રચાયેલ સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના તા. ૨૭-૧-૮૪નાં ઠરાવ નં. ૬૨૬ (૧૦)થી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નગર રચના યોજનાઓ બનાવવા માટે એપ્રોપ્રીએટ ઓથોરીટીએ કરવી રહેતી કાર્યવાહી માટે સુરત મહાનગરપાલિકાને સત્તા આપેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ- ૧૯૭૬ (પ્રેસીડન્ટ એકટ નં. ૨૭)ની કલમ - ૪૧ની જોગવાઇઓ મુજબ સુરત મહાનગરપાલિકાના નગર નિયોજન સમિતિના ઠરાવ નં. ૬/૨૦૦૦, તા. ૨૭-૦૧-૨૦૦૦થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૪૦માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી બતાવેલ લિંબાયત- ડીંડોલી વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં. ૪૦ (લિંબાયત-ડીંડોલી) તૈયાર કરવાનો ઇરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત
તા. ૨૭-૧-૨૦૦૦

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

ઠરાવ :-

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૨૭-૦૧-૨૦૦૦ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :-

X X X X X

મ્યુ. કમિશ્નરશ્રીનાં તા. ૧૫-૧૨-૧૯૯૯ના પત્ર નં. સીમીસ/૮/૩૭થી વિદિત થઇ, તેમાં જણાવેલ સઘળી માહિતી ધ્યાને લઇ સમિતિની સભામાં હાજર રહેલા ટાઉન પ્લાનરશ્રી સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ સુરત મહાનગરપાલિકાની હદમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૪૦ (લિંબાયત-ડીંડોલી) તૈયાર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ નકશામાં ગુલાબી ઘેરા રંગથી સળંગ રેખાથી બતાવેલ વિસ્તારમાં નગર રચના યોજના સુરત નં. ૪૦ (લિંબાયત-ડીંડોલી) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ- ૧૯૭૬ની કલમ ૪૧ (૨) મુજબ ઇરાદો જાહેર કરવાનું, ઇરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસૂચન મંજુર કરવાનું તથા સદર અધિસૂચનનો બહોળો ફેલાવો કરવા બે સ્થાનિક દૈનિકપત્રોમાં એક-એક વખત પ્રસિદ્ધ કરવાનું અને ઇરાદો જાહેર કર્યા મુજબ તેને સરકારશ્રીના રાજયપત્રમાં પ્રસિદ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં. ૬/૨૦૦૦ સર્વાનુમતે મંજુર

નં. પી.આર.ઓ./૪૪૩/૯૯-૨૦૦૦
તા. ૨૮-૧-૨૦૦૦